# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૩-C તા.૧૧-૦૭-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (નિવારણ પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ ૨૦૧૩ હેઠળ આંતરીક સમિતિની રચના કરવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/૫૨ચ/૨૦૨૪ તા.૨૫-૦૬-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કાર્યસ્થળ પર મહિલાઓની જાતિય સતામણી અને રક્ષણ પુરૂ પાડવા અને જાતિય સતામણીની ફરિયાદોના નિવારણ માટે તેની સાથે જોડાયેલા અને આકસ્મિક બનાવો માટેનો કાયદો The Sexual Hurassment of women at Workplace (Pevention,Peohibition and Redresal)-૨૦૧૩ છે.

આથી ઉપરોકત કાયદા મુજબ તેમજ સંદર્ભિત પત્રથી માન.નાયબ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની મળેલ સૂચના અન્વયે તમામ મ્યુનિ. શાળાઓમાં મહિલાઓની જાતિય સતામણીની ફરિયાદોના નિવારણ માટે શાળાકક્ષાએ આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવાની થાય છે. આ કમિટીની રચના નીચે મુજબ કરવાની રહેશે.

- શાળાકક્ષાની સમિતિ ૩ સભ્યોની રહેશે. જે પૈકી બે સભ્ય મહિલા હોવા જરૂરી છે.
- સમિતિના પ્રિસાઈડીંગ ઓફિસર (અધ્યક્ષ) તરીકે મહિલા હોવી જરૂરી છે. જો મુખ્ય શિક્ષક તરીકે મહિલા શિક્ષક હોય તો સમિતિના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂંક કરવી અને જો મુખ્ય શિક્ષક તરીકે પુરૂષ હોય તો શાળાના શ્રેયાન આસિ.મહિલા શિક્ષકની પ્રિસાઈડીંગ ઓફિસર (અધ્યક્ષ) તરીકે નિમણૂંક કરવાની રહેશે.
- સમિતિના બાકીના બે સભ્યો પૈકી એક સભ્ય તરીકે જેઓ કાયદાનું જ્ઞાન ધરાવતા હોય અને સામાજિક કાર્યનો અનુભવ હોય તેવા એક શિક્ષક અને બાકીના સભ્ય બિન સરકારી સંગઠનના પ્રતિનિધિશ્રીને (એન.જી.ઓ.) નિમણૂંક આપી શકાશે.
- એકવાર સમિતિની રચના કર્યા પછી સમિતિની મુદત ૩ વર્ષની રહેશે. સમિતિએ મળેલ ફરિયાદોની તપાસ કરવી. તે અંગેનો રિપોર્ટ સ્કૂલ બોર્ડ કક્ષાની જાતિય સતામણી સમિતિના અધ્યક્ષશ્રીને સોપવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૧-૦૭-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી**

**ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨/૧, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**ફોન નં. ૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, ઇ-મેઇલ dpe.guj@gmail.com**


---

૯૩૯૯-૯૪૯૫

<u>તાત્કાલિક</u> પ્રાશિનિ/~~મકમ/ક-૧~~ ક-૨/૫૨૨/૨૦૨૪/

તા.૨૫/૦૬/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ કાયદા અંતર્ગત આંતરિક સમિતિની રચના કરવા બાબત.

**સંદર્ભઃ-** (૧) શિક્ષણ વિભાગના તા.૨૯/૦૪/૨૦૨૪ના E-Mailથી આપેલ સૂચના અન્વયે.

(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્ર. પીઆરઇ/૧૪૨૦૨૩/ત.આ.-૫૭/ક-૧, તા.૦૫/૦૬/૨૦૨૪

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, The Sexual Harassment of Women at Workplace (Pevention, Peohibition and Redressal) Act, 2013 હેઠળ રચવાની થતી સમિતિઓની રાજ્યની તમામ શાળાઓ કક્ષા સુધી રચના કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રોથી જણાવેલ હોઇ આપશ્રીના જિલ્લાની તમામ શાળાઓમાં The Sexual Harassment of Women at Workplace (Pevention, Peohibition and Redressal) Act, 2013 હેઠળની આંતરિક સમિતિની રચના થાય તે સુનિશ્ચિત કરી આ સાથે સામેલ પત્રક તેમજ આપશ્રીના જિલ્લાની તમામ શાળાઓમાં આંતરિક સમિતિની રચના કરવાની બાકી રહેતી નથી તે અંગેનું પ્રમાણપત્ર દિન-૧૫માં આ કચેરીની સંકલન શાખાના ઇ-મેઇલ <u>sanklan.dpe.guj@gmail.com</u> પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(બી.ડી.બારીઆ)

નાયબ શિક્ષણ નિયામક

ગુ.રા. ગાંધીનગર

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી કરવા સારૂઃ-</u>

- શાખા અધિકારીશ્રી, સંકલન શાખા, સદર કચેરી.

# પત્રક

જિલ્લા/નગર શિક્ષણ સમિતિનું નામ

| ક્રમ | પ્રાથમિક શાળાઓની કુલ સંખ્યા | | | | કુલ શાળાઓ પૈકી આંતરીક સમિતિની રચના થયેલ શાળાની સંખ્યા | | | | કુલ શાળાઓ પૈકી આંતરીક સમિતિની રચના કરવાની બાકી રહેતી શાળાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |